**ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારીથી રસ્તા અને સ્ટ્રીટ લાઇટના કામો માટે સહાય. (ગરીબ અને પછાત વર્ગની સોસાયટીઓએ ભરવાની ૧૦% લોકફાળાની રકમ ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી મેળવવાની જોગવાઇ)**

---

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસજય/૧૦૨૦૧૨/૨૨૭(૧)/ધ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૪/૭/૨૦૧૨.

<u>વંચાણે લીધાઃ</u>

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.નો તારીખઃ૧૯/૦૪/૨૦૧૨. નો ઠરાવ ક્રમાંકઃસજય/૧૦૨૦૧૨/૨૨૭(૧)/ધ.

<u>ઠરાવઃ-</u>

વિભાગના તા. ૧૯/૦૪/૨૦૧૨ ના ઠરાવમાં ગરીબ અને પછાત વર્ગની સોસાયટીઓ એ ૧૦ % લોકફાળાની રકમ જમા કરાવવાની શરત છે આ રકમ માન.ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ફાળવી શકાય તેવી જોગવાઇ કરવાની રજૂઆત અન્વયે વિકેન્દ્રિત જિલ્લા આયોજન અંગેની માર્ગદર્શક યાદીમાં ફેરફાર કરવા માટે જરૂરી સુચનો કરવા માન.મંત્રીશ્રી, નાણા, શ્રમ અને રોજગાર ના અધ્યક્ષપદે માન. મંત્રીશ્રીઓની સમિતિની તા. ૦૯/૦૭/૨૦૧૨ ના રોજ બેઠક મળેલ હતી. જેમાં થયેલ નિર્ણય અને તે પરત્વેની વિચારણાનાને અંતે, ઉપર વંચાણેમાં દર્શાવેલ વિભાગના તા. ૧૯/૦૪/૨૦૧૨ ના ઠરાવમાં ફકરા-૪ માં **કામની શરતો** નામના શીર્ષક હેઠળના પેટા ફકરા-(૪) પછી નીચે મુજબનો પેટા ફકરો ઉમેરવાનું ઠરાવવામાં આવે છે.

"ગરીબ અને પછાત વર્ગની સોસાયટીઓ દ્વારા જમાં કરાવવાની ૧૦ % લોકફાળાની રકમ સોસાયટી વતી માન.ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ફાળવી શકાશે."

આ ઠરાવ સામાન્ય વહિવટ વિભાગના આયોજન પ્રભાગની ફાઇલ ક્રમાંક વજઅ/૧૫૨૦૧૨/૭૭૫/ય માં તા.૧૮/૦૭/૨૦૧૨ ના રોજ મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.ડી.સુથાર )
નાયબ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ
ગાંધીનગર.
21 JUL 2012

Le
26.7.12

નકલ રવાના પ્રતિઃ-

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીના અગ્રસચિવશ્રી મુખ્ય મંત્રીશ્રીનુ કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના ઉપસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અ.મુ.સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી, સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ સર્વે શાખાઓ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, સર્વે મહાનગરપાલિકાઓ
- નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત સરકાર ગાંધીનગર( સર્વે નગરપાલિકાઓને પરિપત્રિત કરવાની વીનંતી સહ)
- પ્રાદેશિક નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત સરકાર, રાજકોટ.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, ગાંધીનગર
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત અર્બનં ડેવલપમેન્ટ મીશન, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- ટ્રેઝરી ઓફીસરશ્રી, ગાંધીનગર ટ્રેઝરી, ગાંધીનગર
- રોકડ શાખા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર